# ધૂમ્રપાન કરવાની ટેવને કારણે વીમેદારને ન્યુમોનિયા થયેલ હોવાનું અનુમાન કરી ક્લેમ નામંજૂર કરવાનું વીમા કંપનીને ભારે પડયું

## ક્લેમની રકમ વ્યાજસહિત ચૂકવવાનો વીમા કંપનીને ગ્રાહક કમિશનનો આદેશ



વીમેદારે ન્યુમોનિયાની સારવાર માટે મુંબઈની કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં લીધેલી સારવારનો ક્લેમ વીમેદારને ધૂમ્રપાન કરવાની આદતને કારણે ન્યુમોનિયા થયેલ હોવાનું અનુમાન કરી સારવારનો ક્લેમ નામંજૂર કરવામાં વીમા કંપનીના પક્ષે સેવામાં ક્ષતિ થઈ હોવાનું ઠરાવી ગ્રાહક કમિશનના (મેન) પ્રમુખ ન્યાયાધીશ પી.પી.મેખીયા અને સભ્ય તીર્થેશ મહેતાએ ક્લેમની રકમ રૂ. 2,79,811/- વ્યાજ તથા વળતર સાથે ફરિયાદીને ચૂકવી આપવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે.

કમલેશ કોટડીયા (ફરિયાદી) એ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિ. ઠેકાણું : રવિ ચેમ્બર, લાલગેટ, કણપીઠ, સુરત (સામાવાળા) વિરૂધ્ધ એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન દેસાઈ મારફત કરેલી સુરત જિલ્લા ગ્રાહક કમિશન (મેન)સમક્ષ કરેલ ફરિયાદની ટૂંકી વિગત એવી છે કે ફરિયાદી સામાવાળા વીમા કંપનીનો મેડીક્લેમ તરીકે ઓળખાતો વીમો રૂ. ૧૦ લાખનો ધરાવતા હતા. મૂળ મજકૂર વીમો 2005ની સાલથી ચાલી આવેલો. મજકૂર વીમાના 12મા વર્ષમાં ફરિયાદીને ફેફસાંમાં તકલીફો જણાયેલી. જેથી ફરિયાદીને શહેર મુંબઈ ખાતે કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા. ત્યાં ડોક્ટરની સલાહ અનુસાર ફરિયાદીને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલા. ફરિયાદીને ન્યુમોનિયાની બીમારી હોવાનું નિદાન થયેલું અને તે માટે Interstitials ન્યુમોનિયા હોવાનું નિદાન થયેલું અને તે માટે મજકૂર હોસ્પિટલમાં લગભગ 6 દિવસ સારવાર ચાલ્યા બાદ ફરિયાદીને તા. 11/09/2018ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી.

**ગ્રાહક મંચ**

**★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)**

મજકૂર હોસ્પિટલાઈઝેશન, મેડિકલ ટ્રીટમેન્ટ, જુદા-જુદા ટેસ્ટસ, દવાઓ, ઈન્જેક્શનો વગેરે માટે થઈને ફરિયાદીને કુલ ખર્ચ રૂ. 2,79,811/- થયેલો. જે અંગે ફરિયાદીઓએ સામાવાળા વીમાકંપનીનું નિયત ક્લેમ ફોર્મ ભરીને સામાવાળા નં. (1) વીમાકંપની સમક્ષ ક્લેમ કરેલો. સામાવાળા વીમા કંપનીએ ફરિયાદીને ધૂમ્રપાન કરવાની આદતને કારણે મજકૂર ન્યુમોનિયાની બીમારી થઈ હોવાનું અનુમાન કરી ક્લેમ નામંજૂર કરેલો. જો કે ટ્રીટીંગ ડૉક્ટરના પ્રમાણપ્રત્રમાં લખેલું હતું કે ફરિયાદીને ધૂમ્રપાન કરવાની આદત હોવાની કોઈ હિસ્ટ્રી ન હતી પરંતુ વીમા કંપનીએ તબીબી પ્રમાણપત્ર ગણકારેલું નહીં જેથી ફરિયાદીએ સુરત જિલ્લા ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરેલ. ફરિયાદની સુનાવણી દરમ્યાન ફરિયાદીનું અવસાન થતાં ફરિયાદીની વિધવા અને પુત્રી તેમ જ પુત્ર ગુજરનાર ફરિયાદીના વારસો તરીકે ફરિયાદમાં જોડાયાં હતાં.

ફરિયાદીના તરફે એડવોકેટે દલીલો કરતા જણાવ્યું હતું કે ટ્રીટીંગ ડૉકટરે પ્રમાણપત્ર આપેલું હતું કે વીમેદારને ધૂમ્રપાનની આદત હોવાની કોઈ હિસ્ટ્રી નથી. વધુમાં ફરિયાદી વીમેદારની બીમારી ધૂમ્રપાનને કારણે થઈ હોવાનું સામાવાળા વીમા કંપની દર્શાવી શકયા નથી. જે હકીકતમાં ધૂમ્રપાન કરવાની આદતને કારણે ન્યુમોનિયા થયેલ હોવાનું અનુમાન પર આવી ફરિયાદવાળો ક્લેમ નકારવામાં સામાવાળાના પક્ષે સેવામાં ખામી થઈ છે અને સામાવાળા વીમા કંપની ક્લેમ ચૂક્વવા જવાબદાર છે.

સુરત જિલ્લા ગ્રાહક કમિશન (મુખ્ય)ના પ્રમુખ ન્યાયાધીશ પી.પી. મેખિયા અને સભ્ય ડો. તીર્થેશ મહેતાએ આપેલા ચુકાદામાં ફરિયાદીની ફરિયાદ અંશતઃ મંજૂર કરી ફરિયાદવાળા ક્લેમની રકમ 2,79,811/- 8% ના વ્યાજસહિત તથા વળતરના રૂ. 6000/- તથા ખર્ચના રૂ.4000|- સહિત ગુજરનારના વારસોને ચૂકવવા વીમાકંપનીને હુકમ કરેલ છે.

**-:: કેન્ડલ લાઇટ ::-**

**સાચું સ્વર્ગ માતાનાં ચરણોમાં છે.**

**- મનુ**

# હેલ્થ ટાઇમ 4 વર્ષ જૂનું થયું ને હેલ્ધી છે પણ આલ્કોહોલ ગમે તેટલું જૂનું થાય, અન-હેલ્ધી જ છે!

*હેલ્થ ટાઇમ ટર્ન્સ 4! અંદાજીત 208 અઠવાડિયાં અને લેખોની બેવડી સદી સાથે "'હેલ્થ ટાઇમ વિથ મંથન શેઠ' સ્વસ્થ તો ખરું જ પણ જાગૃતિ ફેલાવનારું અને બિન-હાનિકારક (આલ્કોહોલની જેમ હાનિકારક નથી) છે. આવા સમયે આજે સૌથી વધુ વ્યસની પદાર્થ એવી મદિરા અંગે જો જાગૃતતા નહીં કેળવીએ, જો એ અંગેની સચોટ માહિતી ના સમજીએ તો કેમ ચાલે? અને આ સરસ મજાનું લાગતું, પાર્ટી કરવા માટે જાણીતું પીણું તમારા શરીરની અંદર જઈને કેવી કેવી કરામત કરે છે કે જે તમારા શરીરને બે ઘડીના આનંદ પાછળ કેવું ભયાનક નુકસાન પહોંચાડે છે, એવી અંદરની વાતો કરીશું. બસ તો આ અંદરની કહાની આજે એક અનોખા અંદાજમાં, ટર્ન ધ પાર્ટી મોડ ઓન, દારૂ પીવા નહીં, એમાંથી બહાર નીકળવાના જશ્ન નિમિત્તે અને હેલ્થ ટાઇમના 4 વર્ષ નિમિત્તે!*

ધ

સેફ લિમિટ ઓફ આલ્કોહોલ ઈઝ ઝીરો! આલ્કોહોલ શરીર માટે બીજું કંઈ જ નહીં પણ ઝેર છે. જ્યારે તેનું સેવન કરવામાં આવે છે ત્યારે તે સામાન્ય શારીરિક પ્રક્રિયાઓમાં દખલ કરે છે અને બહુવિધ અવયવોને તાણ આપે છે કારણ કે તેઓ શરીરની સિસ્ટમમાંથી આ પદાર્થને દૂર કરવા માટે કામ કરે છે. વિવિધ અભ્યાસનાં તારણો સૂચવે છે કે એક આલ્કોહોલિક પીણું પણ નિર્ણય લેવાની ક્ષમતાને નબળી બનાવી શકે છે, જો કે તમને તેની જાણ નથી. અગત્યની વાત કે તમને તમારું મોટર નિયંત્રણ/મગજ પરનું સંતુલન આલ્કોહોલથી પ્રભાવિત નથી એવું લાગે પણ તમે કંઈ કેટલાંયે એવાં કાર્યો કરો છો એવી ભ્રમણા હેઠળ કે તમે યોગ્ય નિર્ણય અને યોગ્ય કાર્ય કરી રહ્યા છો પણ એવું છે નહીં! ટુ ધ પોઈન્ટ, આલ્કોહોલ પેટ દ્વારા લોહીના પ્રવાહમાં પ્રવેશ કરે છે. સામાન્ય રીતે, લીવર દર કલાકે એક ઔંસ સુધી જ આલ્કોહોલ પ્રોસેસ એટલે કે એની પ્રક્રિયા કરી બહાર કાઢી શકે છે. તેને લોહીના પ્રવાહમાંથી દૂર કરવા માટે ઓવરટાઈમ કામ કરવું પડે છે. આ પ્રક્રિયા દરમિયાન, અન્ય મહત્ત્વપૂર્ણ મેટાબોલિક કાર્યો વિક્ષેપિત થાય છે. દાખલા તરીકે, લિવર આલ્કોહોલ ડિટોક્સિફિકેશનને પ્રાધાન્ય આપવા માટે અસ્થાયી રૂપે ચરબી ચયાપચયને અટકાવે છે. લોહી અને શરીરની પેશીઓમાં આલ્કોહોલની હાજરીથી એની અસરો વર્તાવાની શરૂ થાય છે. આલ્કોહોલની હાજરી લોહી, પેશાબ અને શ્વાસમાં સરળતાથી પારખી શકાય છે. વ્યક્તિ જે દારૂ પીવે છે તેના લગભગ 20 % પેટ દ્વારા લોહીના પ્રવાહમાં ઝડપથી શોષાય છે. વધુ 80 % નાના આંતરડા દ્વારા શોષાય છે. કોઈ પણ શેષ કે જે ચયાપચય ન થાય તે પરસેવો, પેશાબ અને લાળ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જાય છે. એક વાર આલ્કોહોલ લોહીના પ્રવાહમાં પહોંચે છે, તે લીવર /યકૃતમાં પ્રક્રિયા કરવા અથવા ચયાપચય માટે જાય છે. યકૃત ઉત્સેચકો/ એન્ઝાઈમ ઉત્પન્ન કરે છે જે દારૂના અણુઓને તોડવાનું કામ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ ખાસ કરીને ઝડપથી આલ્કોહોલ પીતી હોય છે ત્યારે યકૃત તમામ આલ્કોહોલને સમાન દરે પ્રક્રિયા કરી શકતું નથી, તેથી તે શરીરમાં રહે છે. વ્યક્તિના લોહીમાં આલ્કોહોલની સાંદ્રતા જેટલી વધારે છે તેટલી તેની હાનિકારક અસરો વધુ થાય છે. આલ્કોહોલ શરીરમાંથી બહાર નીકળવા ક્યા દરે પ્રોસેસ થશે એનો આધાર ઉંમર, લિંગ જાતિ, શરીરનું કદ એટલે વધુ કે ઓછું વજન, છેલ્લે આલ્કોહોલ ક્યારે પીધું, કુટુંબની મેડિકલ હિસ્ટ્રી, કઈ દવાઓ ચાલે છે વગેરે પર રહેલો છે. બ્લડ આલ્કોહોલ કન્ટેન્ટ મુજબ આલ્કોહોલ લીધા બાદ, એ લોહીમાં 0.015ના દરે શરીરમાંથી બહાર નીકળે છે. 40% આલ્કોહોલ ધરાવતું પીણું લગભગ 100 થી 120 ml બાદ બ્લડ આલ્કોહોલ કન્ટેન્ટ (BAC) ને 0.08 ની આસપાસ પહોંચાડી દે છે એટલે કે 30 થી 40 ml જ BAC ને 0.03 પર પહોંચાડે છે, આ 0.03 BAC સાથે તમે ભારતમાં કાયદેસર રીતે ગાડી ચલાવી ના શકો. શરીરમાં લોહીમાંથી બહાર નીકળતા 0.08 BACને સાડા પાંચથી છ કલાક લાગે છે. તો વળી ખાલી પેટે કે ખૂબ ઝડપથી કે અત્યંત વધુ પીવાવાળી વ્યક્તિ માટે એ લોહીમાં બીજા આખા દિવસ સુધી રહે છે અને આવી સ્થિતિમાં ગાડી ચલાવવું અન્ય એક-બે દિવસ સુધી ગેરકાયદેસર છે. તમારી લાળમાં 10 થી 24 કલાક, પેશાબમાં 3 થી 4 દિવસ, શ્વાસમાં 24 કલાક સુધી તો વાળમાં 90 દિવસ સુધી આલ્કોહોલ વિવિધ ટેસ્ટ થકી એની હાજરી સાબિત કરે છે. પાણી પીવાથી, કોફી પીવાથી કે સ્નાન કરી લેવાથી આલ્કોહોલની અસર ઊતરી જાય એવું નથી, આ બધી વસ્તુઓ તમને થોડા જાગૃત રાખવા ભાગ ભજવે બાકી આલ્કોહોલ જે અસર અને નુકસાન શરીરને પહોંચાડવાનું છે એ તો થવાનું જ છે.



આગળ જાણ્યું એમ લિવર/યકૃત અન્ય ચયાપચયનાં કાર્યો કરતાં આલ્કોહોલના ચયાપચયને પ્રાથમિકતા આપે છે, જે ગ્લુકોઝ ઉત્પાદન અને ચરબી ચયાપચય જેવી પ્રક્રિયાઓને અવરોધે છે. આ ફેટી લીવર રોગ, ઈન્સ્યુલિન પ્રતિકાર અને શરીરમાં ચરબીના સંચય તરફ દોરી જાય છે. આલ્કોહોલ મગજમાં ચેતાપ્રેષકોને અસર કરવાનું ચાલુ કરે છે જે ધીમી પ્રતિક્રિયા, અશક્ત નિર્ણયશક્તિ અને સંકલન ગુમાવવા તરફ દોરી જાય છે. ક્રોનિક આલ્કોહોલનો ઉપયોગ મગજના કોષોને નુકસાન પહોંચાડે છે, જે લાંબાગાળાની જ્ઞાનાત્મક ક્ષતિ તરફ દોરી જાય છે અને ન્યુરોલોજીકલ ડિસઓર્ડરનું જોખમ વધારે છે. ઓછી માત્રામાં પણ, આલ્કોહોલ હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશર વધારે છે. લાંબાગાળાના આલ્કોહોલનું સેવન કાર્ડિયોમાયોપેથી તરફ દોરી જાય જ્યાં હૃદયના સ્નાયુ નબળા પડી જાય છે, પરિણામે હૃદયની નિષ્ફળતા અને હાર્ટ અટેક અને સ્ટ્રોકનું જોખમ વધે. તો વળી, પેટ, સ્વાદુપિંડ અને આંતરડાને અસર કરીને પાચન પ્રક્રિયામાં દખલ કરે છે. આલ્કોહોલ વિવિધ ગ્રંથિઓને અસર કરીને હોર્મોનલ સંતુલનને ખલેલ પહોંચાડે છે. તે ઓછી પ્રજનનક્ષમતા, જાતીય નિષ્ક્રિયતા અને ક્ષતિગ્રસ્ત થાઈરોઈડ કાર્ય જેવી સમસ્યાઓ તરફ દોરી શકે છે. ક્રોનિક આલ્કોહોલનો ઉપયોગ શરીરની રોગપ્રતિકારક શક્તિને ઘટાડે છે, શરીરને ચેપ માટે વધુ સંવેદનશીલ બનાવે છે અને બીમારીઓમાંથી પુનઃપ્રાપ્તિમાં વિલંબ કરે છે. ચયાપચયમાં અસંતુલનના પરિણામે વજનમાં વધારો, ફેટી લીવર રોગ અને ગ્લુકોઝના નિયમનમાં ક્ષતિ થઈ શકે છે. તદુપરાંત, આલ્કોહોલનું સેવન ડિહાઈડ્રેશન તરફ દોરી જાય છે કારણ કે તે વાસોપ્રેસિનના સ્ત્રાવને અટકાવે છે, આ એ હોર્મોન જે શરીરને પાણી જાળવી રાખવામાં મદદ કરે છે. આ ઘટના મેટાબોલિક કાર્યોને વધુ વિક્ષેપિત કરે છે અને ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનમાં પરિણમી શકે છે.

**હેલ્થ ટાઇમ**

**★ ડો. મંથન શેઠ**

ઉચ્ચ સ્તરના અમુક ખાસ બ્રાન્ડના આલ્કોહોલને ઘણી વાર સ્ટેટ્સ સિમ્બોલ કે રોયલ લોકોની પસંદ ગણાવવામાં આવે છે પણ આલ્કોહોલની કોઈ માત્રા સલામત નથી તે દર્શાવતા વધતા પુરાવા સાથે, પીવાની આસપાસના સામાજિક ધોરણો પર પુનર્વિચાર કરવો મહત્ત્વપૂર્ણ છે. આલ્કોહોલ માત્ર મહત્ત્વપૂર્ણ અંગોને જ નુકસાન પહોંચાડતું નથી પરંતુ લાંબાગાળાની સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે અને અકાળે મૃત્યુ માટે જવાબદાર છે. તંદુરસ્ત અને લાંબું જીવન જીવવા માંગતા લોકો માટે આલ્કોહોલને સંપૂર્ણપણે દૂર કરવું એ જીવનશૈલીમાં ફેરફારનો એક અત્યંત જરૂરી ભાગ છે.

**-:: ઈત્તેફાક ::-**

**ફરીથી દોસ્તી કરવી નથી મગર પૂછું,**
**તમારી સાથે હતી મારી દોસ્તી કે નહિ?**

**- મરીઝ**